PGVCL पश्चिम ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા–૦૩/૧૭–૧૮/ 10517 તા. 19-12-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જાનાબેન પીઠાભાઈ કરંગીયા,
ગામ : ખીરસરા
તા. કલ્યાણપુર
જી. દેવભુમી દ્વારકા

વિષય :–વીજબીલ ન મળવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૭/ક્વા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૭/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૨–૧૨–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: જાનાબેન પીઠાભાઈ કરંગીયા, ગામ: ખીરસરા

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ ( વિભાગીય કચેરી, દ્વારકા)

: હુકમ :

ફરીયાદ : વીજબીલ ન મળવા અંગે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી-જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના નવા ખેતીવાડી વીજજોડાણ માટે, પેટા વિભાગીય કચેરી મા તપાસ કરતા અગ્રતા ક્રમ નંબર : એ–૨૦ / ૨૦૧૧ હતો. જે અનુસંધાને, નામ બદલી સાથે સર્વે નંબર બદલવા બાબતે ના શીફ ટીંગ ના પૈસા તા.૦૯–૦૬–૧૭ થી રૂ.૫૦૦/–ભરપાઈ કરેલ છે. તેમજ જીયુવીએનએલ/ટેક/એજી કને. / ૨૧૮૯ તા.૨૪–૧૦–૧૩ ના પરીપત્ર મુજબ – બદલાયેલ પરીસ્થિતી અન્વયે, મુળ નોંધાયેલ અરજી નો અગ્રતાક્રમ જાળવવાનો છે. તેમ છતા, અરજદાર ને ભાવપત્રક અપાયેલ નથી. તેમજ, અરજદાર ની સાથે ની અરજીઓ ના વીજજોડાણ માટે ના પોલ ઉભા કરાયેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – સદર અરજદાર ના ગ્રાહક નં.૮૫૭૪૩/૦૦૨૯૧/૬ થી ખેતીવાડી વીજજોડાણ પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર ખાતે ધરાવે છે. સદર રદબાતલ થયેલ વીજ જોડાણ પુનઃ ચાલુ કરવા માટે – તા.૧૫–૦૫–૨૦૧૨ ના રોજ અરજી કરતા – પીજીવીસીએલ તરફથી તા.૨૫–૧૨–૧૩ ના રોજ જરૂરી મંજુરી મેળવી કામ પૂર્ણ કરી – માંગણી મુજબ ના સદર વીજ જોડાણ પુનઃ ચાલુ કરી આપવામા આવેલ હતુ. ત્યારબાદ, અરજદાર ની અરજી અન્વયે – વીજબીલ નિયમીત ન મળ વા બાબત ની અરજી અન્વયે – જણાવવા નુ કે – સદર અરજદાર ના મીનીમમ વીજબીલ પેટે રૂ.૧૯,૨૦૦/– ભરપાઈ કરવા માટે સબંધક કચેરી દ્વારા અવાર – નવાર જાણકારી આપેલ હતી. ત્યારબાદ, સદર બાબતે – અરજદાર ને રૂબરૂ બોલાવેલ – જેમા તેમને મીનીમમ ચાર્જ રીવાઇઝ કરી આપેલ. જે તેઓ દ્વારા સદર રીવાઇઝ રકમ ભરપાઈ કરી આપેલ. જે બદલ તેઓએ સમાધાન પત્ર મા પ્રશ્ન નું નિરાકરણ થતા, લેખીત સંમતીપત્ર મા તા.૨૪–૧૧–૧૭ ના રોજ સહી કરી આપેલ છે. હાલ, અરજદાર નુ વીજ જોડાણ – ઇ–ઉર્જા મા સ્ટેટસ – એકસ તરીકે બતાવે છે. જેમાથી – ઇ–ઉર્જા મા સ્ટેટસ – નોર્મલ કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગત ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ. કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે જણાવ્યા મુજબ – સદર ખેતીવાડી વીજજોડાણ ના મીનીમ્મમ વીજબીલ રીવાઇઝ કરી અપાતા – અરજદાર દ્વારા સદર રકમ ભરપાઈ થતા – બન્ને પક્ષકાર વચ્ચે ના સમાધાન પત્રક મા – અરજદાર શ્રી ના પ્રશ્ન નુ નિરાકરણ થતા, લેખીત સંમતીપત્ર મા તા.૨૪–૧૧–૧૭ ના રોજ સહી કરી આપેલ છે. હાલ, અરજદાર નુ વીજ જોડાણ – ઇ–ઉર્જા મા સ્ટેટસ – એકસ તરીકે બતાવે છે. જેમાથી – ઇ–ઉર્જા મા સ્ટેટસ – નોર્મલ કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરાયેલ છે. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર ને આગળ ની કાર્યવાહી ઇ–ઉર્જા મા સ્ટેટસ – એકસ માથી – નોર્મલ કરવા માટે ની જરૂરી કાર્યવાહી વધુમા વધુ દિન–૧૦ માં અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. ભવિષ્ય મા સદર અરજદાર ને વીજબીલ નિયમીત મળે તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને જણાવામા આવે છે. |

મુદદા નં.–૪ : હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર નુ વીજ જોડાણ – ઇ–ઉર્જા મા સ્ટેટસ – એકસ તરીકે બતાવે છે, જેમાથી – ઇ–ઉર્જા મા સ્ટેટસ – નોર્મલ કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર ને આગળ ની કાર્યવાહી વધુમા વધુ દિન–૧૦ માં અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.